# હું નહિ મારો સમાજ નારાજ છે : પુરુષોત્તમ સોલંકી

**હવે; પુરૂષોત્તમ સોલંકી નારાજ થતાં રૂપાણી સરકાર સામે નવુ સંકટ ઉઠ્યુ**

ગાંધીનગર, તા. ૨

ગુજરાતમાં નીતિન પટેલનો ખાતા ફાળવણીનો વિવાદ શમ્યાને હજુ માંડ એક દિવસ પસાર થયો છે



ત્યાં કોળી સમાજના નેતા પુરૂષોત્તમ સોલંકીએ આજે રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીને મળી તેમના સમાજમાં પ્રવર્તતી નારાજગી અંગે ધ્યાન દોરી કેબિનેટ કક્ષાનું મંત્રીપદ આપવામાં આવે તેવી માંગ કરી છે.

મુખ્યમંત્રી રૂપાણીને મળ્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં સોલંકીએ જણાવ્યું હતું કે હું નારાજ નથી. મારો સમાજ નારાજ છે. ૪૫ બેઠક પર કોળી સમાજનું વર્ચસ્વ છે.

તેમણે જણાવ્યું હતુ કે તેઓ વિધાનસભા ગૃહમાં સતત ૫ ટર્મથી ચુંટાતા આવ્યા છે તેમ છતાં કેબિનેટ કક્ષા અપાતી નથી. કાયમ માત્ર મત્સ્ય ઉદ્યોગ વિભાગ જ ફાળવી દેવાય છે. જેને લઈ કોળી સમાજ ખુબજ નારાજ થયો છે. સોલંકીએ કહ્યુ હતુ કે મુખ્યમંત્રી પાસે તો ૧૨ ખાતાં છે. તેમણે તેમનો કાર્યભાર ઘટાડવો જોઈએ. સોલંકીના આ નિવેદન પછી રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા તેમના નિવાસસ્થાને દોડી ગયા હતા અને તેમને તેમની નારાજગી દૂર થાય તે રીતે સમજાવ્યા હતા. તેમજ ડેમેજ કંટ્રોલની કામગીરીનો દોર સંભાળ્યો છે. આવતીકાલે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં સોલંકી આક્રમકતાથી તેમને સારૂ ખાતુ મળે તેમજ ન્યાય મળે અને સામાજિક નારાજગી દૂર થાય તે માટે રજુઆત કરશે તેમ મનાઈ રહ્યુ છે.

ગુજરાતમાં મંત્રીમંડળની રચના, ખાતાની ફાળવણી અંગેનો અસંતોષ એ હવે ભાજપની નેતાગીરી માટે શિરદર્દ જેવો બની ગયો છે. મધ્ય ગુજરાતમાંથી પણ આવા જ રોષની લાગણીનો પડઘો આગામી દિવસોમાં પડશે તેવા સંકેતો રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

# વિધાનસભાનું પ્રથમ સત્ર ૨૦મીની આસપાસ

**પ્રોટોમ સ્પીકરની નિયુક્તી અંગે ૧૫મીની આસપાસ જાહેરનામુ પ્રગટ થાય તેવા સંકેતો**

ગાંધીનગર, તા. ૨

ગુજરાત વિધાનસભાનુ પ્રથમ સત્ર ૨૦મી જાન્યુઆરીની આસપાસ યોજાય તે દિશામાં સરકાર દ્વારા વિચારણા હાથ ધરાઈ છે.

કમુર્હત ઉતરતાં જ રાજ્યમાં નવી રચાયેલ ૧૪મી વિધાનસભાની પ્રથમ બેઠક મળશે. પ્રથમ બેઠક માટે પ્રોટોમ સ્પીકરની નિમણુંક માટેની કાર્યવાહી પણ ૧૪મી પછી હાથ ધરવામાં આવશે.

મળતા નિર્દેશો પ્રમાણે બે દિવસનું આ ટુંકુ સત્ર હશે અને તેમાં નવા ચૂંટાયેલા સભ્યોને ગુપ્તતાના સોગંદ લેવડાવવામાં આવશે. બીજા દિવસે વિધાનસભાના નવા અધ્યક્ષની નિમણુંક માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને શપથવિધિ સભ્યોની સંપન્ન કરવામાં આવશે.

આ પછી ફેબ્રુઆરીના અંતિમ દિવસોમાં રાજ્ય વિધાનસભાનું પ્રથમ અંદાજપત્ર સત્ર મળશે. વિધાનસભાના નવા અધ્યક્ષની ચૂંટણી ના થાય ત્યાં સુધી પ્રોટોમ સ્પીકરની પસંદગી કરવામાં આવે છે જેમાં સૌથી વધુ વયના વડીલ સભ્યની પસંદગી થાય છે. પ્રોટોમ સ્પીકરને પ્રથમ રાજ્યપાલશ્રી ધારાસભ્ય તરીકેના સોગંદ લેવડાવતા હોય છે આ પછી અધ્યક્ષશ્રી અન્ય સભ્યોને સોગંદ લેવડાવતા હોય છે. રાજ્યના રાજ્યપાલશ્રી દ્વારા પ્રોટોમ સ્પીકરની નિમણુંક અંગેનું જાહેરનામુ પણ ૧૪મી જાન્યુઆરી પછી જારી કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

# સે-૨૯ માં 'બી' કક્ષાના ૨૮૦ નવા મકાનોનુ ટુંકમાં લોકાર્પણ કરાશે

**સે-૩૦ માં નવા આવાસો બાંધવાનુ કામ પુર્ણ થતા હજુ સાત મહીનાનો સમય લાગશે**

ગાંધીનગર તા ૨

શહેરમાં નવા સરકારી આવાસો બાંધવાનુ કામ ચાલુ છે. જયારે સે-૭ માં નવી ટાવર કોલોની તૈયાર કરી દેવાયા બાદ હાલ આ મકાનોમાં કર્મચારીઓનો વસવાટ પણ શરૂ થઇ ગયો છે. જયારે હવે સે-૨૯ માં પણ બી કક્ષાના ૨૮૦ મકાનો તૈયાર કરી દેવાયા છે. ટુંકમાં જ આ નવા મકાનોનો લોકાર્પણ કાર્યક્રમ પણ યોજાશે. બી કક્ષાના કોર્પોરેટ લુક ધરાવતા મકાનોમાં કર્મચારીઓને તમામ સુવિધાઓ મળી રહે તેવી વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે.

શહેરમાં જુના આવાસો તોડવાનુ કામ પુર્ણ થયા બાદ હજુ પણ તબક્કાવાર જુના અને કંગાળ મકાનોનો નિકાલ કરવાનુ કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહયુ છે. સેકટરોમાં જુદી જુદી કેટેગરીના જોખમી મકાનોને તોડવાનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે જુના મકાનો તોડીને તેના સ્થાને નવા કોર્પોરેટ લુક ધરાવતા મકાનો બનાવવાની કામગીરી પણ પ્રગતિ હેઠળ

● અનુસંધાન પાન-૭ પર

# નીતિનભાઈ પટેલ અને શંકરસિંહ વચ્ચે બેઠક થઈ

ગાંધીનગર, તા. ૨

રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા વચ્ચે વસંત વગડા ખાતે યોજાયેલી બેઠકે પાટનગરના રાજકીય વર્તુળોમાં નવા વમળો સર્જ્યા છે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને વાઘેલા વચ્ચે બંધ બારણે અર્ધા કલાક સુધી મંત્રણાઓ થઈ હોવાનું રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

રાજ્યની રાજકીય સ્થિતિને લઈ આ બેઠકમાં ચર્ચાઓ થઈ હોવાનું મનાઈ રહ્યુ છે. ૧૯૯૫માં પહેલી સરકાર રચાઈ ત્યારે નીતિન પટેલને મંત્રીમંડળમાં સમાવવા જોઈએ તેવો આગ્રહ શંકરસિંહજીએ રાખ્યો હતો જે ઉલ્લેખનીય છે.

# જિલ્લા પંચાયતનું હયાત મકાન તોડી નવુ બનાવવા ઉપરાંત નાણાંકીય સહાય આપવા સરકારમાં માંગ

**અલગથી પ્લોટ ફાળવવાની માંગ ફગાવતાં વધુ એક વખત મકાન તોડી નવુ બનાવવા દરખાસ્ત મોકલી : છ માળનું નવુ મકાન બનાવવા માટેનું આયોજન વિચારાયુ છે**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પંચાયત માટે જમીન ફાળવણીની માંગણીનો સરકાર દ્વારા અસ્વિકાર થતાં હયાત મકાન તોડવાની અને તેટલા સમય માટે પંચાયત કચેરી માટે વૈકલ્પિક જગ્યા ફાળવણીની વધુ એક વખત દરખાસ્ત રાજ્ય સરકારને કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતનું હયાત મકાન ૩૦ વર્ષથી વધુ જુનુ થયુ હોવાથી તેની મરામત અને જાળવણીનો ખર્ચ ખુબ વધી ગયો છે તે કારણ સાથે જિલ્લા સત્તાવાળાઓએ આ મકાન તોડી નવુ મકાન નવા જી.ડી.સી.આર. પ્રમાણે બનાવવાની મંજૂરી રાજ્ય સરકાર પાસે માંગી છે. આજ દરખાસ્તમાં નવુ બિલ્ડીંગ તૈયાર થાય ત્યાં સુધી વૈકલ્પિક જગ્યા પણ હાલની કચેરી કાર્યરત રહે તે માટે ફાળવવા માંગ કરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે છ મજલાનુ નવુ બિલ્ડીંગ બનાવવાનું આયોજન તૈયાર કરવામાં આવ્યુ છે જેમાં બેઝમેન્ટ પાર્કિંગનો પણ સમાવેશ થાય છે. હાલનું બિલ્ડીંગ જુના હેલિપેડની નજીક હોવાથી ત્રણ માળથી વધારે બાંધવાની મંજૂરી મળતી ન હતી.

ગાંધીનગર જિલ્લાનું વિસ્તરણ થયા બાદ હાલની હયાત કચેરીનું બિલ્ડીંગ નાનુ પડે છે તેમજ તેની કેટલીક કચેરીઓ હજુ ભાડાના મકાનમાં બિરાજે છે. હાલની કચેરીમાં અધિકારીઓને બેસવા માટે પણ તેમને મળવા પાત્ર જગ્યા ફાળવી શકાઈ નથી. આ ઉપરાંત પંચાયતની સામાન્ય સભા માટે બનાવવામાં આવેલ હોલ પણ સભ્ય સંખ્યામાં થયેલા વધારા પછી નાનો પડે છે.

આ બધી આપદાઓનું વર્ણન પંચાયતના સત્તાવાળાઓએ

● અનુસંધાન પાન-૭ પર



નગરમાં હરિયાળીની જાળવણી....

## મહેસૂલી તલાટીની ૩,૫૩૩ જગ્યાઓ ઊભી કરાશે

ગાંધીનગર,તા. ૨

ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં સરળ અને સુવિધાપૂર્ણ મહેસૂલી સેવાઓ મળી રહે તેવા ઉદેશ્યથી રાજ્ય સરકારે મહેસૂલી તલાટી વર્ગ-૩ની નવી ૩૫૩૩ જગ્યાઓ ઊભી કરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મહેસૂલપ્રધાન કૌશિકભાઈ પટેલે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું કે, રાજ્યમાં પ્રવર્તમાન ૧૭,૨૬૫ ગ્રામ પંચાયતોમાં સરળ મહેસૂલી સેવાઓ મળી રહે તે માટે બે ગ્રામ પંચાયત દીઠ એક મહેસૂલી તલાટીની જગ્યાઓની આવશ્યકતા છે.



ડસ્ટબીન વિતરણ - શહેરમાં ઘેર-ઘેર ડસ્ટબીન વિતરણની કામગીરી હાથ ધરાઈ છે... સુકો અને ભીના કચરા માટે અલગ-અલગ રંગના બે ડસ્ટબીનનું વિતરણ મહાનગરપાલિકા દ્વારા કરાઈ રહ્યું છે... મિલ્કત વેરા ભર્યાની પહોંચ બતાવવાથી ડસ્ટબીન અપાઈ રહ્યા છે...

# વાલી મંડળ દ્વારા સુપ્રીમમાં અરજી ફાઈલ કરાય તેવી પ્રબળ સંભાવના

અમદાવાદ,તા. ૨

કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં વન એજયુકેશન પોલિસીની માંગણી સાથે તેમ જ ફી નિયમન કમીટીમાં વાલીઓના પ્રતિનિધિત્વને સમાવવાની દાદ માંગતી ગુજરાત સહિત દેશના અન્ય રાજયોના વાલીમંડળો દ્વારા હવે સુપ્રીમકોર્ટમાં પિટિશન ફાઈલ કરાય તેવી શકયતાઓ પ્રબળ બની છે. ખાનગી સ્વનિર્ભર શાળા ફી નિયમન કાયદા-૨૦૧૭ને પડકારતી સ્વનિર્ભર શાળાઓની ઢગલાબંધ રિટ અરજીઓ ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી. આ કેસમાં વાલીઓ તરફથી પણ સરકાર દ્વારા રચાયેલી ફી નિયમન કમીટીમાં વાલીઓને પ્રતિનિધિત્વ આપવા માંગણી કરાઇ હતી જો કે, આ મુદ્દે હાઈકોર્ટે વાલીઓને કોઈ રાહત આપી ન હતી. દરમ્યાન દિલ્હી ખાતે દેશના ૨૫ રાજયોના વાલીમંડળોની મળેલી બેઠકમાં હવે વન એજયુકેશન

**કમીટીમાં વાલી પ્રતિનિધિત્વ માટે અપીલ કરાશે : ફી કમીટીમાં વાલીઓના પ્રતિનિધિત્વના મામલે ગુજરાત હાઇકોર્ટે રાહત ન આપતાં વાલીમંડળમાં હાલ નારાજગી**

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની મોટાભાગની શાળાઓમાં વાલી મંડળના અભાવે શાળાસંચાલકો મનસ્વી

**ફી વધારા સહીતના વિદ્યાર્થી હીતના મુદ્દે એકજુથ થઇ વિરોધ કે રજુઆત થતી નથી**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર જિલ્લાની મોટાભાગની શાળાઓમાં વાલીમંડળ નથી. જેના લીધે વિદ્યાર્થી હીતના ઘણાં પ્રશ્નો વિરોધ કે રજુઆતના મામલે કોરાણે રહી જાય છે. હાલ શાળાઓમાં ફી નિયમનનો મુદ્દો મુખ્ય બન્યો છે. ત્યારે શાળા સંચાલકો દ્વારા મનમાની કરવામાં આવતી હોવાની ફરિયાદોના કિસ્સામાં વાલીમંડળના અભાવે જરૂરી રજુઆત માટે વાલીઓ એકજુથ થઈ શકતા નથી.

શાળાઓમાં ફી નિયમનના મુદ્દે હાઈકોર્ટના ચુકાદો સરકારની તરફેણમાં આવતા શાળાઓમાં નિયત દર મુજબ ફી વસુલવાની રહેશે તેમ સ્પષ્ટ થયુ છે. આમછતા શાળાઓમાં ફી નિયમન અંગે પુરતો અમલ થાય છે કે કેમ તે અંગે હજુ પ્રશ્નાર્થ જ મંડરાયેલો હોવાનુ ચર્ચા સ્થાને છે. શાળાઓમાં વિદ્યાર્થી હીતના પ્રશ્ને વાલીમંડળ સક્રીય હોય છે. પરંતુ ગાંધીનગર જિલ્લાની મોટાભાગની શાળાઓમાં વાલીમંડળ નથી . જેના લીધે આ પ્રકારના મુદ્દાઓ તેમજ વિદ્યાર્થી હીતને લગતી બાબતો સંદર્ભે વાલીઓ એકજુથ થઈ પોતાનો સુર ઉઠાવી શકતા નથી. ફી નિયમન સહીતના જરૂરી મુદ્દે પણ યોગ્ય વિરોધ કે રજુઆત થતી નથી.

શાળાઓમાં ફી નિયમનના મુદ્દે હાઈકોર્ટના ચુકાદાના અંતે પ્રાથમિક કક્ષામાં ૧૫ હજાર , માધ્યમિકમાં ૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨૭ હજારથી વધુ ફી ન વસુલવા માટે આદેશ કરાયો છે. આવા સંજોગોમાં શાળાઓમાં ફી નિયમનના મામલે યોગ્ય કાર્યવાહી થાય તે અનિવાર્ય છે. જયારે શાળાઓમાં અગાઉ વાલીમંડળો સક્રીય હતા. પરંતુ હાલ જિલ્લાની મોટાભાગની શાળાઓમાં વાલી મંડળના અભાવે ઘણાં ખરા વિદ્યાર્થી હીતના મુદ્દાઓ કોરાણે રહી જાય છે. જેના લીધે યોગ્ય રજુઆત કે વિરોધ પણ વાલીઓના માધ્યમથી થઈ શકતો નથી.

# અમદાવાદ આરટીઓ દ્વારા ૬૦૦થી વધુના લાયસન્સ રદ

**ઇ-મેમો ન ભરવા, ભયજનકરીતે વાહન ચલાવવું સહિતના ગુનાઓ બદલ કાર્યવાહી : વાહનચાલકોમાં ભારે ફફડાટ**

અમદાવાદ, તા. ૨

અમદાવાદ શહેરમાં ભયજનક રીતે વાહન ચલાવવું, ટ્રાફિક પોલીસે ઈ-મેમો જારી કર્યો હોવાછતાં તેની ભરપાઈ નહી કરવા સહિતના ગુનામાં કસૂરવાર ઠરેલા ૬૦૦ જેટલા વાહનચાલકોના લાયસન્સ આરટીઓ તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી રદબાતલ કરી દેવાયા છે. ટ્રાફિક વિભાગ દ્વારા શહેરના આવા ૮૯ હજાર જેટલા કસૂરવાર વાહનચાલકો વિરૂધ્ધ કાર્યવાહી માટે આરટીઓ તંત્રને દરખાસ્ત કરવામાં આવી હતી, જેના અનુસંધાનમાં આરટીઓ તંત્ર દ્વારા શિક્ષાત્મક કાર્યવાહી કરી એકસાથે ૬૦૦ વાહનચાલકોના લાયસન્સ રદ કરી દેવાયા છે. ટ્રાફિક પોલીસ અને આરટીઓ તંત્રના આ સપાટાને પગલે શહેરભરમાં વાહનચાલકોમાં ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે.


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **ભાનુશંકર અમૃતલાલ પંડ્યાનું** તા. ૩૧/૧૨/૨૦૧૭ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું તા. ૪/૧/૨૦૧૮ને ગુરૂવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૧૨૭૦/એ-૧, સે.૩/એ, મુખ્ય શોપીંગની પાસે, ગાંધીનગર**

**નિર્મળાબેન ભાનુશંકર પંડ્યા**

**નરેશ ભાનુશંકર પંડ્યા** (મુખ્ય ગ્રંથાલય અને સંશોધન અધિકારી, ગુજરાત વિધાનસભા)

**અનિલ ભાનુશંકર પંડ્યા** (નિવૃત્ત ગ્રામ સેવક)


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Kisan ashirvad BENELAVE DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com